ન્યુ વાવોલમાં અકસ્માત નોંતરવા તૈયાર માર્ગ વચ્ચેનો થાંભલો

અસમાન્ય ઉંચાઇ ધરાવતાં ગટર-સ્ટ્રોમ વોટરલાઇન ચેમ્બરના ઢાંકણા : શ્રમિકો માટે કરાયેલાં દબાણો સહિત બિલ્ડર્સ દ્વારા રોડ-રસ્તાં રોકીને કરાતાં કાર્યો નાગરિકો માટે પરેશાની રૂપ

ગાંધીનગર, તા. ૦૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ નવા ગ્રામ્ય વિસ્તારોમાં મનપા દ્વારા વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે જેમાં વાવોલ ખાતે પણ 'ન્યુ વાવોલ' તરીકે ઓળખાતાં વિસ્તારમાં રોડ-રસ્તાના નવીનીકરણ સહિત વિવિધ પાઇપલાઇન બદલવાના કાર્યો ચાલી રહ્યાં છે. છેલ્લાં કેટલાંક સપ્તાહથી આ વિસ્તારમાં રોડ-રસ્તાંના નવીનીકરણના કાર્યમાં વિલંબની ફરિયાદ ઉઠવા પામી રહી હતી પરંતુ હવે ફરી એકવાર કાર્યો શરૂ થઇ ગયાં છે. જોકે નવા વિકાસ કાર્યોમાં ઉતાવળ, ગેરસમજણ કે કોઇ અન્ય કારણોસર કેટલાંક એવાં કામ થઇ રહ્યાં છે જેના કારણે આ વિસ્તારમાં રહેતાં નાગરિકો માટે પરેશાનીરૂપ સાબિત રહ્યાં છે.ન્યુ વાવોલ વિસ્તારમાં એક માર્ગ પર ગટર લાઇનની એર એક્ઝોસ્ટ સિસ્ટમનો થાંભલો રોડની વચ્ચોવચ્ચ જોવા મળી રહ્યો છે જે દિવસે તો નડતરરૂપ હોવા સાથે રાત્રીના સમયે તો કોઇકનો ભોગ લઇ લે તેવા અકસ્માતનું જોખમ બની રહ્યો છે. આ ઉપરાંત કેટલીક ગટર ચેમ્બરો કે સ્ટ્રોમ વોટર લાઇનની ચેમ્બરોના ઢાંકણાં પણ રોડના લેવલ કરતાં ખૂબ અસામાન્ય ઉંચાઇ ધરાવતાં જોવા મળી રહ્યાં છે જે પણ વાહનચાલકો કે રાહદારીઓ માટે જોખમરૂપ બની રહ્યાં છે. આ સાથે ન્યુ વાવોલમાં કેટલાંક માર્ગો પર વિકસી રહેલી નવી નવી રહેણાંક અને કોમર્શિયલ સ્કિમોના બિલ્ડર્સ દ્વારા ગુડાના પ્લોટ સહિત માર્ગો પર તેમના શ્રમિકોના ઝુંપડાં બાંધી આપીને દબાણો કરવા સાથે રસ્તા પર જ રેતી, કપચી તેમજ ટેકા માટેના લાકડાંના લાંબા થાંભલાઓ અને લોખંડના સળીયાં ખડકી દઇને રસ્તાંપર જ કામકાજ કરવામાં આવી રહ્યાં છે જેના કારણે અનેકવાર નાગરિકોના અવર જવરના માર્ગ રૂંધાઇ જવા સાથે લોખંડના ભંગાર અને તાર-ખીલ્લીઓને કારણે વાહનોના ટાયર ફાટી જવા કે પંચર થઇ જવા જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વળી શ્રમિક પરિવારો દ્વારા જાહેરમાં સ્નાનાદિ અને શૌચક્રિયાઓ કરવાને કારણે ગંદકી સાથે દુર્ગંધયુક્ત માહોલ સર્જાવાથી રોગચાળો ફેલાવાનો ખતરો પણ પેદા થઇ રહ્યો છે. સત્વરે આ સમસ્યાઓ પર કડક હાથે પગલાં લઇને અંકુશ સાધવા સહિત ગેરકાયદેસર દબાણો દૂર કરવા જોઈએ તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે.

ઈટણા ગામમાં પંચરત્ન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ઈટણા ગામ પંચાયત સરપંચ દ્વારા પંચરત્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં માણસા તાલુકાના ધારાસભ્ય જે.એસ. પટેલ, વાસ્મોના અધિકારી, તાલુકા પંચાયતના પ્રમુખ ભીખાભાઈ, તા. પંચાયતના કારોબારી ચેરમેન જયેશભાઈ, સમાજના આગેવાનો, માણસા તા. સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. આ નવચંડી યજ્ઞ, પ્રાથમિક શાળાનું લોકાર્પણ, વાસ્મો અંતર્ગત પીવાના પાણીની લાઈન, નિઃશુલ્ક રોગનિદાન કેમ્પ, ગામમાં સસ્તા અનાજનું વિતરણ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સહકર્મચારીઓએ નિવૃત થતાં અધિકારીનું કર્યુ સન્માન

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગર ખાતે હિસાબ અને તિજોરી ખાતાના વયનિવૃત થતા નિયામક આર. ટી. શાહનો તેમના કાર્યાલયમાં વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે તેમના સહકર્મચારીઓ દ્વારા તેમના ટેબલને પુષ્પોથી સજાવી આર.ટી.શાહને સન્માનભેર વિદાય આપી નિવૃત જીવન માટે શુભેચ્છા પાઠવી હતી.

જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટતા જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કરાયુ હતુ. મોટી સંખ્યામાં કાર્યકરો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

સ્વ.દર્શિત ઠક્કરની યાદમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૫૭ યુનિટ્સ એકત્ર

ગાંધીનગર, તા.૦૫

દર વર્ષની જેમ આ વર્ષે પણ થેલેસેમિયા મેજર દર્દી સ્વ. દર્ષિત ઠક્કરના આવી રહેલા જન્મદિવસ નિમિત્તે તેની યાદમાં તેમના પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં કુલ ૫૭ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. આ કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગરના કુડાસણમાં ફેમકેર વુમેન્સ હોસ્પિટલ ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં સ્વ.દર્શિત ઠક્કરના ભાઈ તથા તેના મિત્રો સહિત સગા-સબંધીઓ રક્તદાન માટે જોડાયાં હતાં. આ પ્રસંગે સ્વ. દર્શિતના ભાઈ રૂચિત ઠક્કરે જણાવ્યું હતું કે "મારો ભાઈ થેલેસેમિયા મેજર હતો જેને દર મહિને લોહી ચડાવવું પડતું હતું અને તેના સ્વર્ગવાસ બાદ છેલ્લા ચાર વર્ષથી એના જન્મદિવસ તા.૮મી ફેબ્રુઆરીની નજીકના રવિવારે હું અને મારા મિત્રો ભેગા થઈને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરીએ છીએ. થેલેસેમિયા જેવી ગંભીર બિમારીમાં દર્દીને દર મહિને લોહીની જરૂર પડતી હોય છે. આ બ્લડ ડોનેશન કેમ્પમાં એકત્ર કરેલ બ્લડ જરૂરિયાતમંદ લોકોના જીવ બચાવવામાં ઉપયોગી બનશે."

આજથી આઈઆઈટી ગાંધીનગર ખાતે પ્રાદેશિક જ્ઞાન મંચનું આયોજન

ગાંધીનગર, તા. ૦૫

ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (IWMI), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર (IITGN) ખાતે ડૉ. કિરણ સી પટેલ સેન્ટર ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (KPCSD) અને અન્ય ભાગીદાર સંસ્થાઓના સહયોગથી તા.૬ થી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન "એનર્જાઈજિંગ એગ્રીકલ્ચર એન્ડ એનેબલિંગ જસ્ટ એનર્જી ઈન સાઉથ એશિયા" પર પ્રાદેશિક જ્ઞાન મંચનું આયોજન કરી રહ્યું છે. આ ફોરમનું આયોજન તા. ૦૬ અને ૦૭ ફેબ્રુઆરીએ બે-દિવસીય કોન્ફરન્સ તરીકે કરવામાં આવ્યું છે જેમાં પાંચ વિષયોના ક્ષેત્રોમાં પૂર્ણ અને સમાંતર સત્રોનો સમાવેશ થાય છે. આ ફોરમમાં સોલારાઈઝિંગ સ્મોલહોલ્ડર ઈરીગેશનઃ પોલિસી લેન્ડસ્કેપ અને ખેડૂતોની આવક અને આજીવિકા પર સૌર સિંચાઈ પંપ (SIPs)ની અસરના પ્રયોગમૂલક પુરાવા, સૌર સિંચાઈ દ્વારા ભૂગર્ભજળનું સંરક્ષણઃ પ્રયોગમૂલક પુરાવા અને ભાવિ અંદાજો, ઑફ-ગ્રીડને ગ્રીડ સાથે જોડવુંઃ પાયલોટ અને ગ્રીડ સાથે જોડાયેલ સૌર સિંચાઈ પ્રોજેક્ટ્સમાંથી પાઠ, કૃષિ મૂલ્ય શૃંખલાઓમાં નવીનીકરણીય ઉર્જાઃ સંસ્થાકીય મોડલ, નીતિઓ અને આજીવિકા અને અસરો પરના કેસ અભ્યાસ, ઉર્જા સંક્રમણને સમાવિષ્ટ અને સમાન બનાવવુંઃ શું દક્ષિણ એશિયા GESI (લિંગ, સમાનતા અને સામાજિક સમાવેશ)માં નવીનીકરણીય ઉર્જા સંક્રમણ સુસંગત છે? જેવા વિષયોને આવરી લેવાશે. ફોરમમાં પ્રાદેશિક સંશોધકો, નીતિ નિર્માતાઓ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરના પ્રેક્ટિશનરો જેમાં સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન (SDC); ડૉ. કિરણ સી પટેલ સેન્ટર ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (KPCSD), IIT ગાંધીનગર; અમદાવાદ યુનિવર્સિટી; પર્યાવરણ અને ઊર્જા માટે વૈશ્વિક કેન્દ્ર; ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી (IRENA); વિશ્વ સંસાધન સંસ્થા (WRI), ભારત; ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA), ભારત; અને ગ્લોબલ ગ્રીન ગ્રોથ ઈન્સ્ટિટ્યૂટ (GGGI) વગેરે હાજરી આપશે. તે ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (IWMI) દ્વારા સહ-આયોજિત કરવામાં આવશે.



મહા સુદ પૂર્ણિમા નિમિત્તે જક્ષણી માતાજીના દર્શન કરવા સાદરા તાલુકો ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત થયા હતા રવિવાર અને પૂનમ ને કારણે ભક્તો માં બમણો ઉત્સાહ હતો.. પ્રેષક.. મનહરસિંહ વાઘેલા

ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સ માટે જબલપુર પહોચી ગુજરાત ફેન્સીગ ટીમ

ગાંધીનગર, તા. ૦૫

ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સ માટે ફેન્સીગ રમતની સ્પર્ધા જબલપુરમા યોજાનાર છે, જેમાટે એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ દ્વારા ગુજરાત ફેન્સીગ ટીમનના તાલીમ કેમ્પનુ આયોજન સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી, અમદાવાદ ખાતે કરવામા આવેલ. ગુજરાતમાથી ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સ માટે કુલ નવ ખેલાડીઓ પસંદગી પામેલ છે. જેમા ફોઈલ ભાઈઓની વ્યક્તિગત ઈવેન્ટમા મંદિપસિહ ગોહિલ, સેબર બહેનોની વ્યક્તિગત ઈવેન્ટમા રીતુપ્રજાપતી અને વંદિતા બારડ, સેબર બહેનોની ટીમમા રીતુ પ્રજાપતી, વંદિતા બારડ, હેતલ ચાવડા અને માહિ પ્રજાપતી તથા ઈપી બહેનોની ટીમમા અમીષા ચૌધરી, પ્રિયલ દાવડા, ભક્તિ પટેલ, ધ્રુવી ચૌધરીઓ નો સમાવેશ થાય છે. ટીમ સાથે કોચ તરીકે પાર્વતીબેન ઠાકોર, ભવાની પ્રસાદ અને રસીયન કોચ બાયકોવ ની નિયુક્તિ કરવામા આવી છે, તેમ એસોસીએશનના મહામંત્રી ભરતજી ઠાકોરે જણાવી ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજમાં રોજગારી સજ્જતા તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૦૫

ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કેસીજી હેઠળ ફિનિશિંગ સ્કૂલ પ્રોગ્રામ કાર્યરત છે. આ પ્રોગ્રામ અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને રોજગારી સજ્જતા માટે સઘન તાલીમ અપાઈ હતી. આ તાલીમ ૮૦ કલાકની ચાર તબક્કામાં યોજવામાં આવી હતી. આ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓમાં રોજગારી કૌશલ્ય, જીવન કૌશલ્ય, સંચાર કૌશલ્ય, અંગ્રેજી ભાષા તથા ઈન્ટરવ્યૂ કૌશલ્યોનો વિકાસ થાય તે મુખ્ય ઉદ્દેશ હતા જે કૌશલ્યો તેમની કારકિર્દી ઘડતર કરવામાં ખૂબ જ ઉપયોગી હોવાથી આ

તાલીમ અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ તાલીમ કોર્પોરેટ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા પ્રોફેશનલ સ્કિલ ટ્રેનર્સ દ્વારા વિદ્યાર્થીઓને સફળતા પૂર્વક અપાય હતી. આ સંસ્થાના આચાર્ય ડો. એમ.જી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ કોલેજ કક્ષાએ ફિનિશિંગ સ્કૂલ સમિતિના ચેરમેન ડો. શીતલ પીઠવા, ડો. હિના પ્રજાપતિ કો-ચેરમેન તથા કમિટીના સભ્યો પ્રો. મમતા અમૃતિયા, ડો. કાશ્મીરા ટાંક, ડો. જયશ્રી પંડ્યા તથા ડો. દિપ્તી મહેતાએ તાલીમનું સફળ આયોજન કર્યુ હતું.

વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે ગાંધીનગર મેડીકલ એસોસિએશન દ્વારા CMEનું આયોજન

ગાંધીનગર, તા. ૫

વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે તારીખ ૪-૨-૨૦૨૩ શનિવાર ગાંધીનગર ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ગાંધીનગર બ્રાન્ચ દ્વારા હોટેલ cucina ખાતે કેન્સર વિષય પર CME નું આયોજન કરવામાં આવેલ હતું. વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે ગુજરાત રાજ્યના IMA નાં પ્રમુખ ડૉ. મહાવીરસિંહ જાડેજા ભાવનગરથી ખાસ અત્રે ઉપસ્થિત રહ્યાં હતાં જયારે અમદાવાદથી રાજ્યના IMA નાં સેક્રેટરી ડૉ. મેહુલ શાહ અને પૂર્વ સેક્રેટરી ડૉ. સૈની પણ હાજર રહ્યા હતાં. ગુજરાત સ્ટેટ બ્રાન્ચ IMA નાં પ્રમુખ તેમજ સેક્રેટરી દ્વારા દીપ પ્રગટાવી તેમજ કેક કટિંગ કરીને CME નો પ્રારંભ કરાવ્યો હતો.આ CME માં જાણીતા હિમેટો oncologist ડૉ. ચિરાગ શાહ દ્વારા ખૂબ જ ઊંડાણ પૂર્વક સમજ આપવામાં આવી હતી . આ કાર્યક્રમમા ગાંધીનગરના ખાનગી તબીબો, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબો તેમજ અન્ય સરકારી હોસ્પિટલમાં સેવા આપતા તબીબો ૫૦ ઉપરાંતની સંખ્યામા હાજર રહી સફળ બનાવેલ હતો.

વાવોલના રોયલ-૨ ખાતે વૈભવલક્ષ્મી વ્રતની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

વાવોલના જયશ્રીબેન પ્રજાપતિના રાંદલ મંડળ દ્વારા ઘનશ્યામભાઈ ગોલ રોયલ-૨ માં તા. ૩-૨-૨૦૨૩ને શુક્રવારના રોજ સમય બપોરે ૨ થી ૫ માં નવદુર્ગાનું જમણવાર ગોયણી, ૨૧ વૈભવલક્ષ્મીનું વ્રતનું ઉજવણું કરાયુ હતુ. અને ૪ રાંદલ માં નો લોટા તેડાવ્યા. માં નું તેડુ અને રાંદલ મંડળ કીર્તિધામ સોસાયટીના જયશ્રીબેન પ્રજાપતિના સાનિધ્યમાં ૨૬ રાંદલમાંની ગોયણીનો જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિન્દી ભાષી મહાસંઘનો સ્નેહમિલન કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં યુપીના પ્રભારી અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં હિન્દીભાષી પરિવારો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧